ગાંધીનગર સમાચાર

શહેરમાં ઉઘાડ નીકળતા ગરમીમાં વધારો

# આજે જગતનો નાથ નગરચર્યાએ નીકળશે

**સેકટરોમાં ભાવિકો ભગવાન જગન્નાથજીના હેતે ઓવારણાં લેશે : રથયાત્રાના સ્વાગત માટે ઠેર ઠેર તૈયારી : જય રણછોડ... માખણચોરના જયઘોષ સાથે નગરના માર્ગો ગુંજી ઉઠશે : મોસાળ જલારામ ધામમાં સાડા ચાર હજાર ભાવિકો માટે મોહનથાળનો પ્રસાદ : રથાયાત્રામાં હાથી, ઘોડા બેન્ડબાજા સાથે અખાડાના કરતબો તેમજ વેશભુષામાં સજ્જ બાળકો આકર્ષણ જમાવશે**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં આજરોજ સવારે ૭ કલાકે પંચદેવ મંદિરથી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નિકળશે.જયરણછોડ માખણચોરના જયઘોષથી નગર ગુંજી ઉઠશે. રથયાત્રાના સ્વાગત માટે નગરજનો ઉત્સુક બન્યા છે. સેકટરોમાં ભગવાન જગન્નાથજીના રથના હેતે ઓવારણા લેવા માટે ભાવિકો દ્વારા તૈયારી કરી દેવાઈ છે.આજની ૨.૫ કી મી લાંબી રથયાત્રામાં ૭૫ જેટલા વાહનો જોડાશે.હાથી ઘોડા પાલખી સહીતના અનેક આકર્ષણો જોવા મળશે. પંચદેવ મંદિર ખાતે ભગવાનની પુજા આરતી બાદ રથયાત્રાનુ પ્રસ્થાન કરાવાશે. રજાનો દિવસ હોવાથી સેકટરોમાં રથયાત્રાની ઉજવણીમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળશે.

ભગવાન જગન્નાથજીની રથયાત્રાનુ સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરેથી પ્રસ્થાન કરવામાં આવશે. સવારે પુજા વિધી બાદ પંચદેવ મંદિરથી જય રણછોડના જયઘોષ સાથે ભગવાનની યાત્રાનો પ્રારંભ થશે. રથયાત્રામાં એક હાથી, ઘોડાવાળી બગી, બેન્ડવાજા,૧૨ ઉંટલારી, તેમજ ૫૦ જેટલા નાના મોટા વાહનો જોડાશે ૨.૫ કી મી લાંબી રથયાત્રામાં ૧૫ ટેબલા સાથે વિવિધ ધાર્મિક તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ જાડાશે. રથયાત્રામાં અમદાવાદ અખાડાના યુવાનો કરતબ રજુ કરશે.

રથયાત્રા દરમિયાન જય રણછોડ માખણચોર જેવા પ્રસંગોચિત સુત્રો સિવાય અન્ય કોઈપણ અપ્રસ્તુત સુત્રો ન બોલવા અને શિસ્ત જળવાઈ રહે તે માટે પુરતી તકેદારી રાખવામાં આવશે તેમ પણ રથયાત્રા સમિતિ દ્વારા જણાંવાયુ છે.

રથયાત્રા દરમિયાન ભાવિકો માટે કાકડી જાંબુ તેમજ મગનો પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ દરમિયાન ૨ હજાર કીલો ગ્રામ મગનો પ્રસાદ વહેંચવામાં આવશે. રથયાત્રા સ્વાગત માટે સેકટરોમાં ઠેર ઠેર વસાહતીઓ દ્વારા તૈયારીઓ કરી દેવામાં આવી છે. સેકટરોમાં ભાવિકો માટે ઠંડા પાણી, છાશ, લીંબુ શરબત, સહીતની સુવિધા પણ કરવામાં આવી છે.

ભગવાનના મોસાળ સે-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે ૪૫૦૦ ભાવિકો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. જલારામ સેવા સમાજ દ્વારા જેમાં ૧૦૦ કીલો શુધ્ધ ઘીનો મોહનથાળ,૩૦૦ કીલો ચોખા તેમજ ૧૫૦ કીલો મગદાળની ગરમ ખીચડી ૫૦૦ કીલો બટાટા વટાણા ટામેટાનુ શાક તેમજ ૨ હજાર લીટર ઠંડી છાશ પીરસવામાં આવશે.

## જિલ્લા આયોજન મંડળની સાતમીએ સાંજે બેઠક

**૭.૩૫ કરોડના વિકાસ કામોનું આયોજન થશે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની બેઠક સાતમીએ સાંજે ૬ વાગે પ્રભારી મંત્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે મળશે.

નાણાંકીય વર્ષ શરૂ થયાના ત્રણ મહિનાના વિલંબ બાદ મળી રહેલી આ મહત્વની બેઠકમાં રૂ. ૭.૩૫ કરોડના વિકાસ કામો અંગે ચર્ચા વિચારણા કરી અને બહાલી આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૬૦૦થી વધુ કામોની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે જેમાં આંગણવાડી કેન્દ્રોમાં વરંડા, પ્રા. શાળાઓની કમ્પાઉન્ડ વોલ, પાણીની પાઈપલાઈનો, પશુધન માટે હવાડા તેમજ ગટરલાઈનો સહિતના વિવિધ કામો સૂચવવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે વિવેકાધીન જોગવાઈ, ખાસ અંગભૂતની જોગવાઈ, પ્રોત્સાહક જોગવાઈ, ભૌગોલિક પછાત વિસ્તાર હેઠળની જોગવાઈ તેમજ બક્ષીપંચ (ખાસ પ્લાન)ની જોગવાઈ હેઠળ આ દરખાસ્તો તાલુકા કક્ષાએથી તૈયાર થઈને આવેલી છે.

આ બેઠકમાં પ્રભારી મંત્રી ઉપરાંત જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા કલેક્ટર, ધારાસભ્યો, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખો નગરપાલિકાના પ્રમુખો, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તેમજ સંબંધિત અધિકારીઓ હાજરી આપશે.





પાણી ભરાયા - સોમવારે ચાર કલાક ધોધમાર વરસાદ પડતાં શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા... ખાસ કરીને મીનાબજાર તથા એસ.ટી. ડેપોમાં ભરાયેલા પાણીથી સેંકડો લોકોની અવર-જવરને અસર પહોંચી હતી... એસ.ટી. ડેપોમાં રોજીંદા મુસાફરોને હાલાકી પડી હતી... જયારે મીનાબજારમાં સચિવાલયના કર્મચારીઓ માટે હોટ ફેવરીટ શોપીંગ સેન્ટર છે... મીનાબજારમાં ભરાયેલા પાણીથી ચા-નાસ્તાના સ્ટોલ્સ પર તથા અન્ય સ્ટોલ્સ પાણીથી ઘેરાયેલા રહેતા ઘરાકીમાં મંદી જોવા મળી હતી....

## અહંકાર છોડી પારકાનુ ભલુ કરવાનો અવસર એટલે રથયાત્રા

**ગાંધીનગરમાં રથયાત્રા દરમિયાન પોતાના પણાંની ભાવના જોવા મળે છે. પાણીના બગાડ તેમજ સ્વચ્છતા અંગે જાગૃતિ અનિવાર્ય : નગરજનોએ સ્વકેન્દ્રીની ભાવના છોડી વિશાળતા અપનાવાની અનિવાર્યતા જણાય છે : ફુલશંકર શાસ્ત્રી**

ગાંધીનગર તા ૫

તમે મારો એક દિવસ રથ ચલાવો..હું તમારો આખુ વર્ષ રથ ચલાવુ છું.અહંકાર છોડી એકમાં અનેકની જેમ સમાઈ જવાની સાથે પારકાનુ ભલુ કરવાની ભાવના એટલે રથમહોત્સવ.ગાંધીનગરમાં પણ રથયાત્રામાં પોતાના પણાંની ભાવના જોવા મળે છે. સામાજિક સમભાવ સાથે સેકટરોમાં રથયાત્રાનુ ઠેર ઠેર ભવ્ય સ્વાગત થાય છે. પરંતુ પ્લાસ્ટીકનો ઉપયોગ ગમે ત્યાં થેલીઓ ફેંકીને ગંદકી કરવાની હરકત અને પાણીના બગાડની વાત ખુંચે છે. નગરજનો સ્વકેન્દ્રી ભાવના છોડી વિશાળતા અપનાવે તે પણ અનિવાર્ય હોવાનુ ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીએ જણાંવ્યુ છે.

જય રણછોડ..માખણચોર ..ના જયઘોષ સાથે આજે નિકળનારી ભગવાન જગન્નાથજીની ૩૨મી રથયાત્રાની ઉજવણી પુર્વે

પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીએ રથયાત્રાનુ મહત્વ સમજાવતા જણાંવ્યુ હતુ કે રામનવમી,જન્માષ્ટમી અને શિવવિવાહ જે મુજબના ઉત્સવ છે. તે મુજબનો રથમહોત્સવ છૌ.દક્ષિણ ભારતના દરેક મંદિરમાં પોતાનો રથ હોય છે. જયાં રથ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.પણ જગન્નાથ મંદિરમાં રથ મહોત્સવ વિશેષ હોય છે. રથયાત્રા પાછળ ભગવાનનો સંદેશ એ હોય છે કે તમે મારો માત્ર એક દિવસ રથ ચલાવો હું તમારો વર્ષ રથ ચલાવુ છું. અલબત્ત જીવનની પ્રત્યેક ક્ષણે માર્ગદર્શન પુરુ પાડુ છું. ઉપનિષદોના મુજબ માણસનુ શરીર રથ છે. જયારે ઈન્દ્રીયોને ઘોડા કહ્યા છે. અને મનને લગામ તેમજ બુધ્ધિને સારથી કરી છે. સારો સારથી હોય તો રથ સારી રીતે ચાલે. સારા સારથીરૂપી બુધ્ધિને સારી રાખવી તેમજ પારકાનુ સારુ કરવુ તેવી ભાવના સાથે જ રથયાત્રા નિકળે છે.કૃષ્ણએ અર્જુનનો રથ ચલાવ્યો અને અર્જુનનો વિજય થયો જયારે દેવકીએ કંસને લગામ સોંપી તેથી જેલમાં



ગયા. કંસ અહંકારનુ સ્વરૂપ છે. અહંકારને કાંઈ પણ સોંપવાથી આ સ્થિતિ થાય અહંકાર મુકી ભગવાનના શરણમાં જવુ જોઈએ. નમ્ર બનવુ જોઈએ રથયાત્રા ઉત્સવમાંથી આ પણ એક વિશેષ સંદેશો મળે છે.

નમ્ર બનવાની સાથે એકમાં અનેક સમાઈ જાવ. સમગ્ર વિશ્વ આપણુ કુંટુંબ છે. તેવી ભાવના પણ રથયાત્રાની ઉજવણી પાછળ મુખ્ય હોય છે. ગાંધીનગરમાં પણ રથયાત્રાના ઉત્સવમાં સર્વધર્મ સમભાવ સાથે પોતાના પણાંની ભાવના પણ જોવા મળે છે. સામાજિક સમભાવ સાથે રથનુ ઠેર ઠેર સ્વાગત થાય છે. આ તબક્કે રથયાત્રીઓ પણ સદભાવનો સંદેશ પાઠવે છે. કટુભાવના જોવા મળતી નથી.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ઉઘાડ નીકળતા ગરમીમાં વધારો : ૧૦ ડિગ્રી તાપમાન વધ્યું

ગાંધીનગર, તા. ૫

ગઈકાલે શહેરમાં ધોધમાર વરસાદ પડ્યા બાદ આજે વરસાદે વિરામ લીધો હતો. ઉઘાડ નીકળતા એક જ દિવસમાં મહત્તમ તાપમાનમાં આઠ ડિગ્રીનો વધારો થયો છે.

દિવસોની રાહ જોવડાવ્યા બાદ ગઈકાલે શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. પાંચ-છ કલાક સુધી સતત વરસાદ વરસતા શહેરમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તાપમાનમાં ખુબ ઘટાડો થયો હતો. ગઈકાલે સાંજે ચાર વાગ્યાની આસપાસ વરસાદ બંધ થઈ જતાં સાંજે પાંખોવાળી ઉધાઈ, મકોડા અને અન્ય જીવજંતુઓનો ત્રાસ વધ્યો હતો. ઘરના બારી-બારણા બંધ રાખવાની ફરજ પડી હતી. ગઈકાલે વરસાદે શહેરને ઘમરોળ્યા બાદ આજે ઉઘાડ નીકળ્યો હતો. આજે આખો દિવસ તડકો નીકળતા બફારો વધ્યો હતો. એક જ દિવસમાં તાપમાનમાં આઠ ડિગ્રી જેટલો વધારો થયો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી રહ્યુ હતુ. જે આજે વધીને ૩૬ ડિગ્રી રહ્યુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી રહ્યુ હતુ. જયારે ભેજનું પ્રમાણ સવારે ૮૮ ટકા અને સાંજે ૫૨ ટકા રહ્યુ હતુ.

## નવનિયુક્ત ત્રણ પ્રધાનોને પ્રદેશ ભાજપની શુભેચ્છા

અમદાવાદ, તા.૫

નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળના કેન્દ્રીય મંત્રીમંડળના વિસ્તરણમાં ગુજરાતમાંથી ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને રાજયસભાના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ મહામંત્રી અને રાજયસભાના સાંસદ મનસુખભાઈ માંડવીયા તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષ અને દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના મંત્રી તરીકેના સમાવેશને આવકારતાં પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહનો આભાર માનતાં જણાવ્યું હતું કે, ગુજરાતને સારૂ પ્રતિનિધિત્વ મળ્યું છે.

રૂપાણીએ મંત્રીમંડળમાં સમાવિષ્ઠ ત્રણેય આગેવાનોને ગુજરાતની જનતા અને પ્રદેશ ભાજપા તરફથી ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી નરેન્દ્ર મોદીની સરકારના જનકલ્યાણના કાર્યમાં સહભાગી થવાના શુભ અવસરે અભિનંદન આપ્યા હતા.

Launching Today
on the Auspicious Occasion of Rathyatra
પરમ પૂજ્ય રામ સ્વામીના વરદ્ હસ્તે સવારે ૧૧-૧૫ કલાકે
The DEAL World
'One Stop Destination For Online Shopping'
Big Discounts, Daily Deals and Coupon Codes
www.thedealworld.com

With the warm heart,
WE INVITE YOU
to the Grand Opening of
AR studio
Female Fashion Station
HARIA JOCKEY ZOLA valentine
Come explore the next gen fashion studio
Shop No. 24, 25 Shivalay, Kudasan, Gandhinagar.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com